BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# શહેરો: અર્થશાસ્ત્ર માટે નવા અભિગમથી

ડૉ. કૃતિ છાયા

**લેખસાર:** અર્થશાસ્ત્ર એ ગતિશીલ એવું સમાજશાસ્ત્ર છે. સમયની સાથે તેનાં પરિમાણો અને સંદર્ભો પણ બદલાય છે. આધુનિક ભારતમાં શહેરો તેની સંખ્યા, કુલ વસ્તીમાં ફાળો અને આર્થિક વિકાસનાં કેન્દ્રો તરીકે મુખ્ય ભૂમિકામાં આવે છે. શહેરો પ્રત્યેનો વિકાસલક્ષી અર્થશાસ્ત્રનો અભિગમ પણ બદલાયો છે. હવે વિકાસનાં ફળસ્વરૂપ ફરજિયાત પ્રદૂષણ, વસ્તીગીચતા વગેરે જેવા મુદ્દાઓ માટે જ શહેરોનો અભ્યાસ મર્યાદિત નથી રહ્યો પણ આયોજનબદ્ધ માનવ વસાહતનો વિકાસ, રોજગારની તકો, સામાજિક આર્થિક વિકાસની સમાન તકો જેવા નવા અને વૈવિધ્યપૂર્ણ હેતુઓ સાથે શહેરો પ્રત્યે જોવાની દ્રષ્ટિ કેળવાઈ રહી છે. પ્રસ્તુત લેખ શહેરો અને અર્થતંત્ર વચ્ચેના સંબંધ ઉપર વિચાર કરે છે, જેમાં શહેરો અને શહેરીકરણને આર્થિક સમસ્યાઓ દૂર કરવાના સાધન તરીકે પણ જોવાયાં છે.

**ચાવીરૂપ શબ્દો:** શહેરો અને આર્થિક વિકાસ, શહેરીકરણ .

વિષય પ્રવેશ: જેવી રીતે વહેતો પવન, વહેતું પાણી, સૂર્ય પ્રકાશ, સૂર્યનો તાપ વગેરેને નવા દ્રષ્ટિકોણથી જોઇને તેમાંથી ઊર્જા મેળવી અને આર્થિક વિકાસનાં મુખ્ય ઘટકો બનાવ્યાં, તેવી જ રીતે હવે આપણે શહેરો અને શહેરીકરણને નવા દ્રષ્ટિકોણથી જોઈએ તો ? ! અને શહેરોને પણ આર્થિક વિકાસમાં ભાગીદાર, મુખ્ય ઘટક બનાવીએ તો? !

કૃષિ અર્થશાસ્ત્ર, ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ગ્રામ અર્થશાસ્ત્ર- તેનાથી આગળ જઈને માળખાકીય સુવિધાઓનું અર્થશાસ્ત્ર, પર્યાવરણીય અર્થશાસ્ત્ર વગેરે અર્થશાસ્ત્રની પરંપરાગત રીતે વિચારાતી અને અભ્યાસ કરવામાં આવતી શાખાઓ છે. જો આપણે અર્થાશાસ્ત્રને સમાજવિજ્ઞાન તરીકે લઈએ તો સંસ્કૃતિ, માનવમૂડી, સમાજ વગેરે નવી વિચારધારાઓ છે. અત્યાધુનિક ઘટકોમાં ટેકનોલોજી,

નેટવર્કિંગ, વિજ્ઞાન જેવાં ક્ષેત્રોની ગતિશીલતા પણ અર્થતંત્ર અને અર્થશાસ્ત્રમાં પરિવર્તન લાવનારું મુખ્ય પરિબળ બને છે. આ જ રીતે આધુનિક વિચારકોએ આર્થિક વિકાસની દિશા, ઝડપ અને ગુણવત્તામાં મોટી અસર પાડવાની ક્ષમતા શહેરો અને શહેરીકરણમાં જોઈ છે. પ્રસ્તુત લેખ શહેરો અને આર્થિક વિકાસ વચ્ચેના પારસ્પરિક સંબંધોનો એક વિચાર આગળ વધારે છે.

**શહેરોનું અર્થશાસ્ત્ર એટલે શું?**

અર્થશાસ્ત્રીય સાધનોની મદદથી શહેરોનો અભ્યાસ કરતું અને શહેરોની સમસ્યા ઉકેલતું શાસ્ત્ર એટલે શહેરોનું અર્થશાસ્ત્ર એમ કહી શકાય. જો કે આ લેખમાં શહેરો, શહેરીકરણ અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ એ રીતે પણ જોવામાં આવ્યો છે કે શહેરો અને શહેરીકરણ આર્થિક સમસ્યાઓને ઉકેલે.

**આર્થિક વિકાસની પ્રક્રિયામાં શહેરોની ભૂમિકા:**

1. કુલ વસ્તીમાં શહેરી વસ્તીનું પ્રમાણ: આપણે કરેલા અને વાંચેલા આભ્યાસો એ બાબતનું સમર્થન કરે છે કે જેમજેમ કોઈ રાષ્ટ્રનો વિકાસ થાય છે તેમતેમ તેની કુલ આવકમાં ખેતીક્ષેત્રનો ફાળો ઘટતો જાય છે. અને ઔદ્યોગિક તેમજ સેવાક્ષેત્રનો ફાળો વધતો જાય છે. આ પરિણામની સાથેનું એક પરિણામ એ આવે છે કે કુલ વસ્તીમાંથી શહેરી વસ્તીનું પ્રમાણ વધતું જાય છે અને ગ્રામ્ય વસ્તીનું પ્રમાણ ઘટતું જાય છે. ગુજરાતમાં શહેરી વસ્તીની સ્થિતિ બતાવતું કોષ્ટક જોઈએ....

કોષ્ટક-1 ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ (આંકડા મિલિયનમાં)

| વર્ષ | કુલ વસ્તી | શહેરી વસ્તી | કુલ વસ્તીમાં શહેરી વસ્તીનું ટકાવારી પ્રમાણ |
|---|---|---|---|
| 1901 (વીસમી સદીની શરૂઆત) | 9.09 | 2.03 | 22.33 |
| 1951 (સ્વતંત્ર ભારત) | 16.26 | 4.43 | 27.24 |
| 1961 (અલગ ગુજરાત) | 20.63 | 5.32 | 25.78 |
| 2001 (એકવીસમી સદીની શરૂઆત) | 50.67 | 18.93 | 37.35 |
| 2011 (છેલ્લી જનગણના) | 60.38 | 25.71 | 42.58 |

સંદર્ભ: વિભિન્ન વસ્તી ગણતરી માહિતી, census data, ભારત સરકાર

2. UNSDGમાં શહેરોનું મહત્વ: યુનાઇટેડ નેશન્સના સતત/ ટકાઉ વિકાસનાં લક્ષ્યાંકો ઉપર જો આપને નજર કરીએ તો કુલ 17માંથી 16 લક્ષ્યો શહેરી પૃષ્ઠભૂમિવાળા છે. (માત્ર 14 મું લક્ષ્યાંક Life below water સીધી રીતે શહેરો સાથે સંકળાયેલું નથી. બાકીનાં 16 લક્ષ્યાંકો શહેરોની જરૂરિયાત બતાવે છે. અથવા તો એવાં વાતાવરણનું નિર્માણ કરવાનું કહે છે કે જે શહેરી વાતાવરણ હોય. ફૂડ સિક્યુરિટી, શિક્ષણ, સ્વાસ્થ્ય, જાતિગત સમાનતા (Gender equality), પીવાનું શુદ્ધ પાણી, સ્વચ્છતા અને અન્ય SDG માપદંડો પ્રમાણેનો જે વિસ્તાર હોય તેને શહેરી વિસ્તાર કહી શકાય. બીજા શબ્દોમાં, એવા વિસ્તારનું નિર્માણ કરવાનું છે જે ઉપરોક્ત ટકાઉ વિકાસનાં લક્ષ્યો પ્રમાણેનો હોય, જેને આપને પરંપરાગત રીતે શહેર કહીએ છીએ.
3. આર્થિક પ્રવૃત્તિના ભૌગોલિક એકત્રીકરણ\ના પ્રસાર લાભો.: એક સમયે શહેરો આર્થિક વિકાસનું પરિણામ ગણાતાં હતાં, પરંતુ હવે જેને અંગ્રેજીમાં આપણે Agglomeration effect કહીએ છીએ તે આર્થિક પ્રવૃત્તિઓના ભૌગોલિક એકત્રીકરણને કારણે પ્રસાર અસરોનો લાભ લેવા નવી આર્થિક પ્રવૃત્તિઓ પણ તે જ ભૌગોલિક વિસ્તાર પસંદ કરે છે. આમ, શહેરો આર્થિક વિકાસનું કારણ પણ બન્યાં છે.
4. જમીનના ઉપયોગોનું વ્યવસ્થાપન અને સંચાલન: શહેરીકરણથી વધુને વધુ જમીન શહેરી બનતી જાય છે. કેટલીક ખેતીલાયક જમીન પણ શહેરી વિકાસમાં ખેતીથી ઉદ્યોગ કે સેવાક્ષેત્ર માટે તબદીલ થતી હોય છે. ફૂડ સિક્યુરિટીનાં ધ્યેય સમયે આ સ્થિતિ ધ્યાનમાં લેવા જેવી છે. જો વાવેતર હેઠળનો વિસ્તાર ઘટતો જાય તો તેની અસર કુલ ખેતઉત્પાદન, પાક લેવાની પદ્ધતિ વગેરે ઉપર પણ પડે. ખેતી સિવાયના જમીનના ઉપયોગો માટે જમીનનું વ્યવસ્થાપન કરવાનું થાય. આ સ્થિતિ શહેરોના અભ્યાસનું મહત્વ વધારે છે.
5. આધુનિક નગર વ્યવસ્થાપન અને સંચાલન માટે શહેરોનો અભ્યાસ: શહેરોનો અભ્યાસ એ તેના રહેવાસીઓનો, રહેવાસીઓની આદતોનો અભ્યાસ પણ બને. કારણકે, જીવન જીવવાની પધ્ધતિ, પ્રદૂષણ, ઘન કચરાનું વ્યવસ્થાપન વગેરે એકબીજા સાથે જોડાયેલા મુદ્દાઓ છે.

**શહેરો બાબતે અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર**: ગરીબી ઉન્મૂલન, રોજગાર નિર્માણ, જનસંખ્યા વિશ્લેષણ, સતત વિકાસ, માનવ વિકાસ, સમાવેશી વિકાસ જેવા વિવિધ મુદ્દાઓ આધુનિક અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર બને છે. રોજગાર નિર્માણની શક્યતાઓ અને ક્ષમતા શહેરોમાં વધારે છે. તેવી જ રીતે જ્યાં લગભગ અડધા ભાગની વસ્તી રહેતી હોય ત્યારે માનવ વિકાસ, જનસંખ્યા વિશ્લેષણ, ગુણવત્તાયુક્ત જીવન વગેરેનો શહેરોના સંદર્ભમાં અભ્યાસ કરવો અનિવાર્ય બને છે.

**શહેરીકરણની આર્થિક વિકાસ ઉપરની અસરો**: સામાન્ય રીતે શહેરો, શહેરીકરણ અને તેની અસરોની જ્યારે ચર્ચા કરવામાં આવે છે ત્યારે પ્રદૂષણ, વસ્તીગીચતા, અસામાજિક પ્રવૃત્તિઓમાં વધારો જેવી બાબતે જ કરવામાં આવે છે. પરંતુ જો હકારાત્મક પાસું વિચારવામાં આવે  તો એગ્લોમરેશન ઈફેક્ટને કારણે માહિતી મેળવવાનો ખર્ચ, પરિવહન ખર્ચ, શ્રમખર્ચ વગેરેમાં ઘટાડો થાય છે. શિક્ષણ, રોજગાર, સ્વાસ્થ્ય, મનોરંજન વગેરેની ગુણવત્તાયુક્ત સુવિધા મળે છે. બજારનો વિકાસ થતાં માંગ, ઉત્પાદન, રોજગારી, આવકનું હકારાત્મક ચક્ર અર્થતંત્રને વિકાસની દિશામાં લઇ જાય છે.

શહેરીકરણ અને માંગમાં પરિવર્તન: શહેરોના વિકાસથી સમાજની માંગમાં પરિવર્તન આવે છે. આ પરિવર્તન ગુણવત્તા સંબંધી તેમજ માળખાગત હોય છે. ઉદાહરણ તરીકે, શહેરી વસ્તી આંતરિક પરિવહન સેવા તો માંગે જ છે, સાથે તે સુવિધા ગુણવત્તાયુક્ત હોય તેવું પણ માંગે છે. જાહેર પરિવહન સેવાની પુનરાવૃત્તિ, નિયમિતતા પણ જરૂરી છે. કેટલીક માંગ ગ્રામ વિસ્તાર સાથે સંબંધ ધરાવતી હોતી નથી પણ શહેરોના નિર્માણ અને વિકાસને કારણે ઉદભવતી હોય છે જેને માંગના માળખામાં પરિવર્તન કહી શકાય દાખલા તરીકે ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનની નગરપાલિકા તરફથી અપાતી સુવિધા.

સુઆયોજિત આર્થિક વિકાસ માટે શહેરોના ઇતિહાસનો અભ્યાસ: ભારતમાં બ્રિટીશ શાસન સમયે કે તે પહેલાં શહેરી વિકાસની તરાહ (Pattern) નો અભ્યાસ ભાવિ સુઆયોજિત વિકાસ માટે ઉપયોગી થાય. બ્રિટીશ શાસન સમયનાં નગરો કલકત્તા, મુંબઈ વગેરે વિસ્તારોનો શહેરી વિસ્તાર તરીકે વિકસિત થવાનાં કારણ, શહેરોની નાગરિક સુવિધાઓ, ગીચ વસ્તી અને તેની સમસ્યા, ભૌગોલિક નગર આયોજન વગેરેનો અભ્યાસ જરૂરી છે. ઈતિહાસ તરફ નજર કરીએ તો દરિયાકિનારાનાં શહેરો, ખનિજ ઉત્પાદનનાં કેન્દ્રો, લોખંડ-પોલાદનાં કારખાનાં, રેલ્વે સાથે સંબંધિત ઉત્પાદન કેન્દ્રો વગેરે વિસ્તારોનો શહેરી વિસ્તાર તરીકે વિકાસ થયેલો છે. આધુનિક સમયમાં ઉપર વર્ણવેલા વિસ્તારો ઉપરાંત ઔદ્યોગિક વિકાસનાં કેન્દ્રો, શૈક્ષણિક સુવિધાઓના કેન્દ્રો, સંસ્કૃતિક પ્રવૃત્તિઓના કેન્દ્રો, વહીવટી મથકો, પ્રવાસન સ્થળો વગેરેનો વિકાસ શહેરી વિસ્તાર તરીકે થઇ રહેલો આપણે જોઈએ છીએ.

**અર્થશાસ્ત્ર અને શહેરોનો સંબંધ એક નવી દૃષ્ટિએ**: અર્થશાસ્ત્ર ગતિશીલ સમાજશાસ્ત્ર છે. આપણે એવા મુદ્દાઓની પણ ચર્ચા કરી કે જેમાં શહેરો અર્થતંત્રનો સક્રિય ભાગ બનતાં જાય છે. તેથી અર્થશાસ્ત્રમાં શહેરો અને તેનાં પાસાંઓનો અભ્યાસ મહત્વ ધારણ કરે છે. શહેરો અને અર્થતંત્ર પરસ્પર જોડાયેલાં

છે તે રીતે તેઓનો પરસ્પરનો ઉપયોગ પરસ્પરની સમસ્યાઓ ઉકેલવાના સાધન તરીકે પણ કરી શકાય. જ્યાં શહેરોની સમસ્યા ઉકેલવા માટે અર્થશાસ્ત્ર સાધન તરીકે કાર્ય કરે તો બીજી બાજુ આર્થિક સમસ્યાઓ દૂર કરવા માટે શહેરો અને શહેરીકરણનો સાધન તરીકે ઉપયોગ કરી શકાય.

**શહેરોની સમસ્યા ઉકેલવા માટે અર્થશાસ્ત્ર એક સાધન તરીકે**: અછત, પ્રદૂષણ, સાપેક્ષ ગરીબી જેવી સમસ્યાઓ મુખ્યત્વે શહેરો સાથે સંબંધિત છે. શહેરોમાં રોજગારીની તકો ઘણી હોય છે તેમ છતાં ગરીબી, બેરોજગારી, આવક અને તકોની સમસ્યા જાહેર વસ્તુઓ અને મેરીટ વસ્તુઓના ઉપભોગની તકોમાં અસમાનતા જેવી સમસ્યાઓ હોય છે. કરવેરા, સબસિડી, કિંમત, માંગ સંચાલન અને માંગ આયોજન વગેરે અર્થશાસ્ત્રના સાધનોનો ઉપયોગ કરીને ઉપર વર્ણવેલી શહેરો અને શહેરીકરણની સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય. વહીવટકર્તાઓ મોટેભાગે આ સાધનોનો ઉપયોગ કરતા પણ હોય છે. જેમ કે પ્રદૂષિત પાણી ટ્રીટમેન્ટ વિના જ ખૂલ્લામાં છોડી દેવામાં આવે તો અથવા મોદી રાત સુધી લાઉડસ્પીકરથી ધ્વનિ પ્રદૂષણ કરવામાં આવે તો દંડની રકમ વસૂલવામાં આવે છે. પ્રદૂષણ નિયંત્રણનાં પગલાં લેવા ઉત્પાદકોને નાણાકીય સહાય કે કરવેરામાં છૂટછાટ અપાતી હોય છે. વસ્તુ કે સેવાના વપરાશ બદલ કિંમત નક્કી કરવી કે પછી ઊર્જા બચત કરતાં સાધનોની ખરીદીમાં કિંમતમાં રાહત આપવી જેવા ઉપાયો અપનાવી શકાય.

**આર્થિક સમસ્યાઓના ઉકેલમાં શહેરોની ભૂમિકા**: આપણે જાણીએ છીએ કે શું/ કેટલું/ કેવી રીતે/ કોના માટે / કઈ કિંમતે ઉત્પાદન કરવું તે મૂળભૂત આર્થિક પ્રશ્નો છે. આ પ્રશ્નો બદલાવાના નથી, પણ સાધનો, ટેકનોલોજી વગેરે જરૂર બદલાયાં છે જે આ પ્રશ્નોનો ઉકેલ લઇ આવે. માંગનો પાયો વિસ્તર્યો છે અને માંગનું પ્રમાણ વધ્યું છે. આજથી 40 વર્ષ, 20 વર્ષ કે 10 વર્ષ પહેલાં શહેરી નાગરિકની જે માંગ હતી તેનાથી અનેકગણી વધી ગઈ છે અને વૈવિધ્યપૂર્ણ બની છે. ઊર્જાની અછત, શિક્ષણ માટેની પાયાની સગવડો, સ્વાસ્થ્ય માટે ટેકનોલોજી, સંદેશાવ્યવહાર માટે ટેકનોલોજી વગેરે જોતાં આપણે કહી શકીએ કે પ્રશ્નો અછત અને જરૂરિયાતો વચ્ચેની આપસી સ્પર્ધાના જ છે. પણ અહીં આપણે શહેરો અને શહેરીકરણની વિભાવનાને આર્થિક સમસ્યાના ઉકેલ માટે ઉપયોગમાં લેવાની છે. એટલે,

- શહેર એટલે શું?
- નક્કી કરેલું વસ્તીનું પ્રમાણ?
- ચોરસ કિલોમીટરદીઠ વસ્તીગીચતા?

- ખેતી સિવાયના વ્યવસાયમાં રોકાયેલી વસ્તીનું પ્રમાણ?

કે જ્યાં વ્યક્તિ ગૌરવપૂર્ણ રોજગારથી ગૌરવપૂર્ણ માનવજીવન જીવી શકે તેવું સ્થળ..! સ્વાસ્થ્ય, શિક્ષણ અને સંપર્ક (connectivity) એ ત્રણ મથાળાંમાં આપણે આધુનિક જરૂરિયાતોનું વર્ગીકરણ કરી શકીએ;

સ્વાસ્થ્ય: પોષણયુક્ત પૂરતો આહાર, દવાખાનાં, મનોરંજન સુવિધાઓ (માનસિક સ્વાસ્થ્ય માટે સંસ્કૃતિક પ્રવૃત્તિઓ)

શિક્ષણ:પ્રાથમિક અક્ષરજ્ઞાન, પ્રયોગશાળા સહિત શિક્ષકો અને શાળાનું મકાન, ટેકનોલોજીકલ જ્ઞાન તથા જ્ઞાનનું આદાનપ્રદાન, માનવ નાગરિક અધિકારો પ્રત્યે જાગૃતિ, ન્યાયતંત્ર

સંપર્ક: પરિવહન સુવિધાઓ, સંદેશાવ્યવહાર માટે ઈન્ટરનેટ કનેક્ટિવિટી, જુદીજુદી ભાષાઓનું (લઘુત્તમ બે ભાષાઓનું) જ્ઞાન, સંશોધન પ્રત્યેનો અભિગમ.

જો ઉપરોક્ત વિભાજનને સતત વિકાસનાં લક્ષ્યાંકો સાથે જોડવામાં આવે તો શહેર સતત વિકાસનું માધ્યમ બની શકે છે. અહી ગ્રામ્ય વસ્તીનાં કાયમી સ્થળાંતરને શહેરીકરણની વ્યાખ્યા બનાવવા કરતાં  સ્થાપિત વિસ્તારોમાં તે પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવે અને તેને શહેરનું સ્વરૂપ આપવામાં આવે તો શહેરીકરણની પરંપરાગત વ્યાખ્યા આપણે જરૂરથી બદલી શકીએ અને શહેરને વિકાસપ્રક્રિયાના ભાગીદાર તરીકે સક્રિય કરી શકીએ.

**સંદર્ભ સ્ત્રોત:**


- Battersby Jane, Watson Vanessa, "Urban food systems Governance and Poverty in African Cities", earthscan, Routledge, London, 2019.
- Busk, Anne Gravsholt, Kristensen, Soren Pilgaard, Soren, Praestholm, Anette Reenberg, "Land system Changes in the Context of Urbanisation: Examples from the peri-urban area of Greater Copenhagen, Danish Journal of Geography, 106 (2), 21-34, 2006.
- David Castells-Quintana & Hugh Wenban-Smith (2020) Population Dynamics, Urbanisation without Growth, and the Rise of Megacities, The Journal of Development Studies, 56:9, 1663-1682, DOI: 10.1080/00220388.2019.1702160
- Joseph Onjala & Owiti A. K'Akumu (2016) Relational patterns of urbanisation and economic growth in sub-Saharan Africa, Development Southern Africa, 33:2, 234-246, DOI: 10.1080/0376835X.2015.1120655
- https://sdgs.un.org/goals

- Turok Ivan, "Urbanization and Development: Reinforcing the Foundation", Unversity of the Free State, HSRC, 2017.



ડો. કૃતિ શરદચંદ્ર છાયા,

આસિસ્ટન્ટ પ્રોફેસર (અર્થશાસ્ત્ર)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ